ટાઈટલ જાહેર નોટીસમાં સુધારો

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ગુજરાતમિત્ર તા.:૧૦/૧૨/૨૦૨૫ નાં રોજ પાના નં. ૨ ઉપર હમારી મારફત, પાંડેસરામાં રેવન્યુ સર્વે નંબર ૬૫/૨ પૈકી જમીનમાં આવેલ આશાણ વીલા કલેટ્રસમાં આવેલ ફ્લેટ નં. ૧૦૫ વાળી ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ થઈ હતી. જેમાં શરતચૂકથી રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૦૦૨૦ તા.:૧૩.૦૨.૨૦૦૩ છપાયું હતું. જે હવે દસ્તાવેજ નં.૧૦૦૨૦ તા.: ૦૭.૦૭.૨૦૦૬ સુધારીને વાંચવું અને સમજવું.

નિશીથ કે. સુખડવાલા, એડવોકેટ, સુરત.

સુરત જિલ્લા પેન્શનર્સ એસો.

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસો. માં તા. 17-12-25 ના રોજ બાકી હોય તેમણે રજીસ્ટ્રેશન કરાવી જવું. અને ભેટ મેળવી લેવી. 65, 80, 90 વરસના તા. 1-12-25 ના રોજ થયા હોય અને સન્માન બાકી હોય તો ઓફીસમાં સોમવાર-ગુરૂવારે રૂબરૂ આવી જવું.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **સુરત** ડીસ્ટ્રીક્ટ, **અડાજણ** સબ-ડીસ્ટ્રીક્ટ, **મોજે ભેંસાણ** ના **રેવન્યુ સર્વે નંબર-૧૬૬/૨, બ્લોક નંબર-૩૮૬, ખાતા નંબર-૪૧૬** થી નોંધાયેલી **જુની શરતની ખેતીની જમીન** કે જેનું ક્ષેત્રફળ સુમારે **હે.આરે.ચો.મી. ૦-૬૯-૮૧ યાને ૬૯૮૧ ચો.મી.** છે અને જેનો આકાર **રૂા. ૮.૩૭ પૈસા** છે તે ખેતીની જમીનના રેકર્ડ ઉપરના મારીકો એવા **(૧) મનસુખભાઈ ગંગદાસભાઈ પરસાણીયા(પટેલ), (૨) શારદાબેન મનસુખભાઈ પરસાણીયા(પટેલ) તથા (૩) કોમલ મનસુખભાઈ પરસાણીયા(પટેલ)** નાઓએ ખેતીની જમીન પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની તથા ચોખ્ખી અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ ખેતીની જમીનનો વેચાણ કરવાનો તેઓને એકલાને સંપૂર્ણ હક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, સંબંધ, ખોરાકી, પોષાકી કે કોઈ પ્રકારના ઈઝમેન્ટના હકો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** ની મુદતમાં લેખિત પુરાવા સહિત તેની મને લેખિત ખાતરી કરાવવી, અન્યથા સદરહુ ખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક, હિત સંબંધ વિગેરે નથી તેમ ગણી, અગર તો હોય તો તે વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે, તેમ ગણી મારા અસીલ સદરહુ ખેતીની જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૧૮/૧૨/૨૦૨૫
ઠેકાણુ : ૫૦૫, પાંચમો માળ, વિઝન, શેલ પેટ્રોલ પંપની સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯. મો. ૯૪૨૬૬ ૦૫૪૬૧

ધ્રુવિતકુમાર એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ/ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત **માલતીબેન કમલેશભાઈ પટેલ** નાઓએ પોતાની માલીકી, કબજા ભોગવટાની અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસાહકક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દ્વી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડીસ્ટ્રીક્ટ-સુરત, તાલુકો-સુરતસીટી/અડાજણ, ના મોજેગામ- અડાજણ ના સર્વે/બ્લોક નં.૧૬૮/૨ પૈકી, ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), ફા.પ્લોટ નં.૮૧, ક્ષેત્રફળ.૧૧૫૫૧ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં સુરત મહાનગરપાલીકા તરફથી વિકાસ અધિકારીશ્રીએ કરેલ તેમના હુકમ નંબર.ટી.ડી.ઓ.૨૪૮ થી તા.૧૫/૨/૧૯૯૯ ના રોજ બાંધકામની રજાચિઠ્ઠી તથા મંજૂર કરેલ પ્લાન અનુસાર આયોજીત "ગોવિંદનગર" માં આવેલ પ્લોટો પૈકી "પ્લોટ નં.૫૨" વાળી મીલકત જેની સાઈઝ ૧૮ ફૂટ બાય ૪૦ ફૂટ યાને સુમારે ક્ષેત્રફળ ૮૦ ચો.વાર. યાને ૬૭.૦૦ ચો.મી. વાળી ખુલ્લા પ્લોટની મિલકત. તા.૧૮/૧૨/૨૦૨૫

અમારી સુચના થી....માલતીબેન કમલેશભાઈ પટેલ, માલતીબેન કમલેશભાઈ પટેલ

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીક્ટ, મજુરા (સુરત સીટી) સબ ડીસ્ટ્રીક્ટ શહેર સુરતના મોજે ઉમરાના રે.સ. નં. ૧૪૯, ટી.પી. સ્કીમ નં. ૪(ઉમરા-સાઉથ), ફા. પ્લોટ નં. ૧૦૦ પૈકીથી નોંધાયેલી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ નં. ૧૧ તથા સબ પ્લોટ નં. ૧૨ (પૈકી) થી નોંધાયેલી ૧૮૦૧.૬૭ ચો.મી. જમીનમાં **સ્વીટ હોમ પાર્ક કો.ઓ. હા.સો. લી.** ધ્વારા બાંધવામાં આવેલ **આકૃતિ એપાર્ટમેન્ટ** ના બીજા માળ પર આવેલ ફલેટ નં. ૨૦૨ વાળી મિલકતનાં માલિક (૧) **ડો. સુધીર રમેશચંદ્ર જોષી** (૨) **જયોતિ સુધીર જોષી** તથા (૩) **ડો. શાશ્વત સુધીર જોષી** નાએ તેમની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો હકક-હિસ્સો, દર-દાવો હોય તો તેઓએ આ નોટીસ મળ્યે દિન-૭ માં મારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે તેમ ન થતા સદરહુ મિલકતમાં અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો હકક-હિસ્સો, દર-દાવો નથી અને હોય તો જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને મારા અસીલ તમામ પ્રકારનાં કાયદેસરનાં લખાણો કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૮/૧૨/૨૦૨૫

ઓફીસ : જી/૩, કંકુઆશિષ એપાર્ટમેન્ટ, જમના નગર બસ સ્ટેન્ડ પાસે, ઘોડદોડ રોડ, સુરત. મો.નં. ૯૮૭૯૯-૦૬૬૬૫

રોહન વી. ચૌહાણ
તે ખરીદનારના એડવોકેટ

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

વેસુ ભરથાણા શાખા : સોહમ સ્કવેર, ન્યુ વીઆઈપી રોડ, અલથાણ, સુરત -૩૯૫૦૧૭ ફોન નં : ૦૨૬૧- ૨૨૬૯૪૦૦, ૨૨૬૯૫૦૦, Email :Vesubh@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) ના રૂલ ૩ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ની સત્તા હેઠળ તા.૦૯.૧૦.૨૦૨૫ ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને **દેવાદાર / જામીનદાર શ્રીમતી સંધ્યાબેન શાનેશ્વર પાટીલ (દેવાદાર), શ્રી વિજયભાઈ ભાસ્કરભાઈ મહાજન (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૬,૯૪,૭૨૬.૭૫/- (અંકે રૂા. સોળ લાખ ચોરાણું હજાર સાતસો છવ્વીસ અને પંચોતેર પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર કર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૮મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૧૬,૯૪,૭૨૬.૭૫/-** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે " આત્મીય પાર્ક" રો હાઈસ સોસાયટી નો પ્લોટ નં.૩૭, આશરે માપ ૬૧.૭૦ ચો.મી ભોયતળીયા પહેલા માળ સાથે નું બાંધકામ માપ ૬૮.૭૨૨ ચો.મીટર વણવેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી, જમીન રે.સ.નં. ૨૧૪/૧, બ્લોક નં. ૨૦૬ ગામ.ઉત્રાણ, તા. સુરત સીટી, જી.સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : પ્લોટ નં. ૩૮, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૩૬, **ઉત્તર તરફ** : સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** : યાર્ડ આવેલ છે.

તા. ૧૮.૧૨.૨૦૨૫ | સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, વેસુ ભરથાણા શાખા**

વલસાડ નગરપાલિકા વલસાડ
ટેન્ડર જાહેર નિવિદા

આથી વલસાડ જિલ્લાના સ્થાનિક હોલસેલ એજન્સીઓને જણાવવાનું કે, વલસાડ નગરપાલિકા સંચાલીત હોસ્પીટલ માટે દવાઓ,સીરપ,ઈંજેકન તથા સર્જીકલ આઇટમોની ઓફર મંગાવવાના અંગે ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ(www.nprocure.com) પરથી તા.૨૨-૧૨-૨૦૨૫થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી, કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા. ૦૨-૦૧-૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૦૫-૦૧-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકા કચેરી તેમજ નગરપાલિકા સંચાલીત હોસ્પીટલમાં, રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકા ને રહશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. (નગરપાલિકાને આપવા પાત્ર રકમ સ્થળ મુજબ દર્શાવવાની તેમજ નીચે કુલ આપવા પાત્ર રકમ અલગથી દર્શાવવાની રહેશે.)

ચીફ ઓફીસર, વલસાડ નગરપાલિકા — **પ્રમુખ, વલસાડ નગરપાલિકા**

નં. માહિતી/વલસાડ/૭૨૫/૨૦૨૫

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, આહવા-ડાંગ એપ્રેન્ટીસ ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૫-૨૬.

ડાંગ જીલ્લાની ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની વિભાગીય/પેટા વિભાગીય કચેરીઓ માટે એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઇ અનુસાર એપ્રેન્ટીસ (૨૦૨૫-૨૬) ભરતીની કાર્યવાહી કરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	એપ્રેન્ટીસનો સંવર્ગ	માસિક સ્ટાઇપેન્ડ
૧	બી.ઇ. એન્જીનીયર (સિવિલ)	રૂ.૧૫,૦૦૦/-
૨	ડિપ્લોમા એન્જીનીયર (સિવિલ)	રૂ.૧૨,૦૦૦/-
૩	અન્ય ગ્રેજ્યુએટ (બી.કોમ,બી.એ,બી.બી.એ)	રૂ.૧૫,૦૦૦/-
૪	આઇ.ટી.આઇ. બે વર્ષના ટ્રેડવાળા (ફીટર/ઇલેક્ટ્રીશિયન/સર્વેયર /ડ્રાફ્ટમેન/પ્લમ્બર)	રૂ.૯,૬૦૦/-

ઉપરોક્ત લાયકાત ધરાવનાર ઉમેદવાર છેલ્લા ૩(ત્રણ) વર્ષમાં ઉત્તીર્ણ થયા હોય તેવા વિદ્યાર્થી એપ્રેન્ટીસશીપ હેઠળ તાલીમમાં જોડાવવા ભારત સરકારની વેબસાઇટ SKILL INDIA/ MSDE અથવા MHRD માં રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે. એપ્રેન્ટીસશીપ ૦૧(એક) વર્ષની રહેશે. પસંદગી પામેલ ઉમેદવાર ૦૧ વર્ષથી વધુ સમય માટે દાવો કરી શકશે નહી. તેમજ નીચે મુજબની વિગતે જરૂરી દસ્તાવેજો સાથે ઇન્ટરવ્યુમાં હાજર રહેવાનું રહેશે.

ઇન્ટરવ્યુનું સ્થળ : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જલભવન, સાપુતારા રોડ, મુ. પો. આહવા-૩૯૪૭૧૦, તા. આહવા, જી. ડાંગ

ઇન્ટરવ્યુની તારીખ : ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ

ઇન્ટરવ્યુનો સમય : સવારે ૧૧:૦૦ કલાકે થી સાંજે ૧૮:૦૦ કલાક સુધી

ઇન્ટરવ્યુ દરમિયાન રજુ કરવાના દસ્તાવેજો: એપ્રેન્ટીસ પોર્ટલમાં રજીસ્ટ્રેશન કર્યાની કોપી ફરજીયાત, ડિગ્રી સર્ટીફીકેટ તથા માર્કશીટ અસલ તથા તેની બે (૨) નકલ, અનામત કેટેગરીના ઉમેદવારો એ જાતિ અંગેનું અસલ પ્રમાણપત્ર તથા તેની બે નકલ (૨), રિઝ્યુમ સાથે તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા તેની બે નકલ, હાલનો પાસપોર્ટ સાઇઝના બે (૨) ફોટોગ્રાફ.

- ઉપરોક્ત ઉમેદવારોને લેવા કે ન લેવા તે બાબત સત્તા ધરાવતા અધિકારીને અબાધિત રહેશે.
- પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડની હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરવા અનુરોધ છે.

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૨૦૧/૨૦૨૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે કરંજના બ્લોક નંબર ૨૧૨/૨ વાળી ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટ **મોજે કરંજ**માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૭૧૮, **બ્લોક નંબર ૨૧૨/૨** જેનું સુમારે કુલ ક્ષેત્રફળ હે. આરે. ૦-૬૨-૨૨ ચો.મી. જેનો આકાર રૂા.૫.૧૬ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **કમલેશ વિઠ્ઠલભાઈ પટેલ**એ મજકુર જમીન પોતાની સ્વતંત્ર માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક-હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, મોર્ગેજ, ટાંચ વિગેરે હોય તો તેઓએ **દિન-૭**માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દર-દાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા. ૧૯/૧૨/૨૦૨૫)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસઃ ૧, આસ્થા એવેન્યુ હાંથીસા રોડ, ઓલપાડ, તાઃ ઓલપાડ, જીઃ સુરતઃ 394540. મો.૯૭૨૫૧-૪૪૭૪૩

ભાવિક. ડી.પટેલ
તે ખરીદનારના એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લગતા વળગતા તમામને જણાવવાનું કે, ભરૂચ ડીસ્ટ્રીકટ હાંસોટ સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ: **કતપોર નાં ખાતા નંબર-૧૦૯ જેનો સર્વે/બ્લોક નંબર-૭૨૫ (જુનો સર્વે/બ્લોક નંબર-૧૧૯૪)** જેનું કુલ **ક્ષેત્રફળ** હેકટર ૦-૭૮-૦૧ આરે ચો.મી., જેનો આકાર રૂા.૩-૦૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **(૧) નર્મદાબેન અંબારામ ઉર્ફે અંબાલાલ પટેલ (૨) સુરેશભાઈ અંબારામ ઉર્ફે અંબાલાલ પટેલ (૩) નયનાબેન અંબારામ ઉર્ફે અંબાલાલ પટેલની પુત્રી અને મુકેશભાઈની પત્ની (૪) કલ્પેશકુમાર ભગવાનભાઈ ઉર્ફે ભગુભાઈ પટેલ (૫) ગીતાબેન જગદીશભાઈ પટેલ (૬) અમિતકુમાર જગદીશભાઈ પટેલ (૭) જીજ્ઞેશભાઈ બાલુભાઈ પટેલ (૮) હેમંતકુમાર બાલુભાઈ પટેલ** નાઓના નામે ચાલી આવેલ છે. સદરહું જમીનો તેઓની પાસેથી અમારા અસીલ યાને કે **(૧) પ્રાગજીભાઈ વિઠ્ઠલભાઈ સુરતરીયા તથા (૨) શામજીભાઈ ઝવેરભાઈ વાઘાણી** નાઓએ વેચાણ રાખવાનું નકકી કરેલ. અને ટુંક સમયમાં અમારા અસીલ મજકુર જમીનોનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે, ઉપર જણાવેલ મિલકત બાબત કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, મોરગેજ, ટાંચ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને ખુલાસો કરવો. ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે. એમ સમજી વેચાણ લેનાર મુદતમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દરદાવો ચાલશે નહિં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૯/૧૨/૨૦૨૫
ઠેકાણું. મુ.પો. કતપોર, તા.હાંસોટ. જી. ભરૂચ. (મો.નં.૯૬૮૭૮ ૧૨૧૧૮)

મારી સુચનાથી
જતીન એમ.પટેલ
તે ખરીદનારનાં ના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના મોજેઃસરસ ના (૧)બ્લોક નં. ૮૬૩/અ, ખાતા નં.૧૩૪૬, જેનું ક્ષેત્રફળઃ૦-૪૮-૦૫ (૧)રમેશભાઈ જીવણભાઈ પટેલ (૨)સંજયભાઈ પ્રવિણભાઈ મિસ્ત્રી (૨) બ્લોક નં. ૮૬૩/બ, ખાતા નં.૧૩૫૫ ક્ષેત્રફળઃ૦-૪૩-૦૦ (૧)ભરતભાઈ નરોત્તમભાઈ (૨)ભગવતીભાઈ ઈચ્છુભાઈ પટેલ તથા (૩) બ્લોક નં. ૮૬૩/૫, ખાતા નં.૧૩૮૬ ક્ષેત્રફળઃ૦-૪૭-૫૬ (૧)રમેશભાઈ જીવણભાઈ પટેલ (૨)સંજયભાઈ પ્રવિણભાઈ મિસ્ત્રી ના સ્વતંત્ર નામે ચાલી આવેલ હોય જે તમામ જુની શરતની જમીન અમારા અસીલે ખરીદવાનું નકકી કરેલ છે તેને લાગતા વળગતા અંદરના તથા બહારનાં તમામ હકકો સહીત દરોબસ્તના માલિક, મુખત્યાર અને કબજેદારએ સદરહુ મિલકત પોતાની માલિકી, કબજા,ભોગવટા, વહીવટ, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ વાળી હોવાનું યા કરી કરાવી આપવાની ખાત્રી, ભરોસો અને વિશ્વાસ ખરીદનારને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકત બાબતમાં કોઈપણ ભાગીદાર,વારસદાર, મંડળી, બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવા, જપ્તી-અવલજપ્તી, લેવું-બોજા, સોદા-સાટાખત, પાવર ઓફ એટોર્ની જેવા લેખો, યા કોઈપણ પ્રકારના મહેસુલી,દીવાની કોર્ટ પ્રકરણો હોય તો દિવસ-૭(સાત) ની મુદતમા પુરાવા સહિત રૂબરૂ તથા લેખીત જાણ કરવી. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, અધિકાર, લીસપેન્ડેન્સી, લીયન કે અટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, વારસાઈ, બાનાખત વિગેરે સીધી કે આડકતરી રીતે હક, હિત નહી એમ માની અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા યાને "વેઈવ" કર્યા હોવાનું માની અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરશે ટાઈટલ ચોખ્ખા હોય સર્ટીફીકેટ આપી તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશું. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

રાહુલ મહેશભાઈ પટેલ - એડવોકેટ
૧/૬૮૦/અ, ખારવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૯૯૮૦ ૨૧૧૧૨

ગામ : પીપોદરા, તા. માંગરોલ, જિ. સુરતના જુનો બ્લોક નં. ૧૧૬, ૧૧૭, રી-સર્વે બાદ નવો બ્લોક નં. ૭૪ તથા ૭૫, વાળી ઓદ્યોગિક હેતુ માટે એન.એ. થયેલ જમીનમાં મંજુર થયેલ "ડી" ટાઈપ પ્લોટ નં. ડી/૨ વાળી ખુલ્લી જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહિતની મિલકતના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજિસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકો માંગરોલના, મોજે **ગામ : પીપોદરા**ના **જુના બ્લોક નં. ૧૧૬ તથા ૧૧૭, રી-સર્વે બાદ નવો બ્લોક નં ૭૪ તથા ૭૫**વાળી બિનખેતીની જમીનોમાં ઔદ્યોગિક હેતુ માટે આયોજીત કરવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં મંજુર થયેલ પ્લાન મુજબ **"ડી" પૈકી અડદા ભાગની પુર્વ દિશા તરફની પ્લોટ નં. ડી/૨** ની ખુલ્લી જમીનવાળી મિલકત જેનુ **કુલ ક્ષેત્રફળ ૩૦૩૫ ચો.મી.** છે તે ખુલ્લી જમીન તે મિલકત તથા **તેના ઉપર બાંધવામાં આવેલ પતરાના શેડવાળી મિલકત**ના માલિકો **(૧) અરવિંદભાઈ રાઘાકિશન કનોડીયા તથા (૨) હરિભાઈ ઉર્ફે હરિપ્રકાશ રાઘાકિશન કનોડીયા** નાઓએ સદર મિલકત પોતાની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની અને તદન ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી અને પોતાના પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની હોવાનું જણાવીને મજકુર મિલકત અમોના અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને અમોના અસીલ કનેથી કુલ અવેજની રકમ પેટે પાર્ટ પેમેન્ટની રકમ મેળવી લીધેલ છે. અને અમોના અસીલના તરફેણમાં નોટરીયલ સાટાખત પણ કરી આપેલ છે. જે નોટરી પબ્લીક શ્રી ચેતનકુમાર બી. પટેલના નોટરીયલ રજિસ્ટરમાં સીરીયલ નં. ૬૯૦/૨૦૨૫ થી તા. ૧૫/૧૨/૨૦૨૫ના રોજ નોંધાયેલ છે. જેથી સદર મિલકત ઉપર કોઈપણ વ્યકિત ઈસમ, સરકારી, અર્ધસરકારી બેંક, યા સંસ્થાનો યા ખાનગી બેન્ક યા કોઈનો કોઈપણ જાતના લાગભાગ, દરદાવો, હકક, હિત-સંબંધ કે અધિકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭**ની મુદતમાં લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવું. તેમ કરવામાં કસુર થશે તો મજકુર મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના લાગ-ભાગ, દરદાવો, હકકહિત, સંબંધ કે અધિકાર નથી. અને હોય તો તે જતા કર્યા છે તેમ માની મુદત વીત્યે અમોના અસીલ ઉપરોકત મિલકત માલિકોને સદર મિલકતની વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી પાકો રજિ. વેચાણ દસ્તાવેજ